**ફો.પ.અરજી નં.૧૩૯/૨૦૨૬**

**-:: રાણાવાવ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૮૦૧૫૨૬૦૧૦૫/૨૦૨૬ (ફોજદારી કેસ નં. ૨૩૯/૨૦૨૬) નાં કામે મુદ્દામાલ પરત મેળવવા માટેની અરજી લગત હુકમ ::-**

.................................................................................................................................................

(૧). અરજદાર **કોડીયાતર રાહુલભાઈ કરશનભાઈ**ની અરજી વંચાણે લીધી. સમગ્ર રેકર્ડ ધ્યાને લીધુ અને તે ફોજદારી **કેસ નં.૨૩૯/૨૦૨૬** થી ફોજદારી કેસ તરીકે રજીસ્ટ્રરે લેવાનો હુકમ કરવામાં આવેલ છે. અરજદારે પોતાની માલિકીના વાહન મોટરસાયકલ નં.૧૧ જેના રજીસ્ટ્રેશન નંબર નીચે મુજબનાં છે,

**(૧). હીરો મોટરસાયકલ સ્પ્લેન્ડર પ્લસ નં.જીજે-૨૫-એઈ-૯૫૩૧,(૨). હીરો મોટરસાયકલ સ્પ્લેન્ડર પ્લસ નં.જીજે-૨૫-એસી-૬૮૨૪,(૩). હીરો મોટર સાયકલ સ્પ્લેન્ડર પ્લસ નં.જીજે-૨૫-એસી-૦૯૮૯, (૪). હીરો મોટરસાયકલ સ્પ્લેન્ડર પ્લસ જીજે-૧૦-ડીપી-૪૭૨૩, (૫). હીરો મોટરસાયકલ સ્પ્લેન્ડર પ્લસ નં.જીજે-૨૫-એઈ-૭૩૩૪,(૬).હીરો મોટરસાયકલ સ્પ્લેન્ડર પ્લસ નં.જીજે-૧૦-ડીપી-૩૪૨૬, (૭). હોન્ડા સાઈન-૧૦૦ નં.જીજે-૨૫-એઈ-૫૫૬૨,(૮). હીરો મોટરસાયકલ સ્પ્લેન્ડર પ્લસ નં.જીજે-૧૦-ડીએમ-૬૩૦૦, (૯). હીરો મોટરસાયકલ સ્પ્લેન્ડર પ્લસ નં.જીજે-૨૫-એસી-૭૧૯૪, (૧૦). હોન્ડા સી.ડી.૧૧૦ નં. જીજે-૨૫-એડી-૫૭૧૩,(૧૧). હીરો મોટરસાયકલ સ્પ્લેન્ડર પ્લસ જેના નં.જીજે-૦૬-એનજે-૫૩૯૫**

ઉપરોકત વાહનો રાણાવાવ પોલીસ સ્ટેશન **ગુ.ર.નં.૧૧૨૧૮૦૧૫૨૬૦૧૦૫ /૨૦૨૬** ના કામે **બી.એન.એસ. કલમ-૩૧૮(૪), ૩૩૮, ૩૪૦(૨)** મુજબના ગુનાનાં કામે કબ્જે કરેલ છે તે પરત મેળવવા હાલની અરજી કરેલ છે. આ વાહનો અમો અરજદાર ના કબ્જા માં થી તપાસ ના કામે કબ્જામાં લેવામાં આવેલ છે તેમજ

અરજદારે તેમના ગ્રાહકો ને વેંચાણ આપેલ છે અને આ વાહનો તેમના ધંધા રોજગાર માં ઉપયોગ માં લેવા ના વાહનો રહેલ છે જો આ મુદદામાલ વાહન અમો અરજદાર ને ન સોપવામાં આવે તો આ વાહન પડયો રહેવા થી તેમા નુકસાની થાય તેમ છે. વધુમાં, આ કામે ચાર્જશીટ થઈ ગયેલ છે અને ગુના ની ટ્રાયલ ચાલવામાં ઘણો સમય પસાર તેમ છે તેથી આ મુદદામાલ વાહન વચગાળા ના તબકકે અમો અરજદાર ને સોપંવા અરજ છે.

**(૨).** સદર કામે વિ.એ.પી.પી.શ્રીનો શેરો વંચાણે લીધો તથા અરજદારનાં વિ.વકીલશ્રીની રજુઆતો સાંભળી તથા મુળ માલિકો ની વાંધા અરજી વંચાણે લીધી.

**(૩).** આ કામે અરજદારની અરજી સામે વાહનના મુળ માલિકો તરફે **આંક-૦૫** થી તથા **આંક-૦૮** થી વાંધા-જવાબ રજુ રાખેલ છે અને જણાવેલ છે કે, આ કામે અરજદાર ધ્વારા માંગેલ વાહનો તેમના નામના અને માલિકીના છે. આ મુદ્દામાલ વાહનો ધવલભાઈ ભરતભાઈ ખુદાઈએ જુના મોટરસાયકલની સામે નવા મોટરસાયકલ અપાવી દેવાની વાત કરી તેમના જુના વાહન તથા રૂ.૧૦,૦૦૦/- રોકડા લઈ તેના નામે પુરી લોન કરી અને તેમના વાહનનું કોઈ પણ જાતનું વળતર આપ્યા વગર વાહન અન્ય વ્યકિત ને આપી દઈ તેમની સાથે ગુન્હાહીત વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોય, જેની ફરીયાદ રાણાવાવ પો.સ્ટે.માં ફરીયાદી પ્રકાશભાઈ ધ્વારા કરવામાં આવેલ છે અને તેમની માલિકીના વાહનો છોડાવવા અરજદાર ધ્વારા કરવામાં આવેલ મુદ્દામાલ અરજી તેમની જાણ બહાર અને તેમને કોઈ પણ જાતના વિશ્વાસમાં લીધા વગર દાખલ કરેલ હોય અને આ મુદ્દામાલ વાહન જો અરજદારને સોંપવામાં આવે તો મુળ માલિકોને નાણાંકીય નુકશાન વેઠવુ પડે તેમ હોય, જેથી હાલના ગુનાના કામે કબ્જે લીધેલ મુદ્દામાલ વાહન અરજદારને સોંપવામાં ન આવે તેવી મુળ માલિકીનો નમ્ર અરજ છે. તેઓએ **આંક-૦૬ તથા આંક-૦૯** ના

દસ્તાવેજી પુરાવા લીસ્ટથી તેમના **આધારકાર્ડ તથા વાહનની આર.સી.બુકની નકલ** રજુ રાખેલ છે.

**(૪).** અરજદારના વિ.વ.શ્રીએ **આંક–૧૦** થી લેખિત દલીલ રજુ રાખેલ છે, જેમાં તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામનાં આરોપી ધવલ ભરતભાઈ ખુદાઈ વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૩૧૮(૪), ૩૩૮, ૩૪૦(૨) મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે અને તે ગુનાના કામે ફોજદારી કેસ નં.૨૩૯/૨૦૨૬ થી ચાર્જશીટ કરવામાં આવેલ, જે કેસ નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે. આ કામમાં તપાસ ના કામે રાણાવાવ પોલીસ દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૬ નાં રોજ અરજદારનું નિવેદન લીધેલ છે અને તે મુજબ અરજદારે આરોપી પાસેથી અવેજની રકમ ચુકવી ને જુના વાહનોની ખરીદી કરેલ છે અને તે વાહનો મુદદામાલ અરજી ના અરજદારે અન્ય આસામીઓને વેંચાણ પણ કરેલા હતા પરંતુ તે વાહનોની રાણાવાવ પોલીસને તપાસના કામે જરૂરત હોય, જેથી સોંપી આપેલ હતા અને તે અંગેનું પંચનામુ પણ કરવામાં આવેલ હતુ. સદરહુ કેસ ચાલતા લાંબો સમય લાગે તેમ હોય અને સદરહુ મુદામાલ અરજદારનું રોજબરોજનું ઉપયોગનું સાધન છે. લાંબો સમય પોલીસ સ્ટેશન માં પડી રહેવાથી તેના સ્પેર પાર્ટસ તથા ટાયર ટયુબ વિગેરે બગડી જવાથી નુકશાન થાય તેમ છે. સદરહુ મુદામાલ જે ગુનાના કામે કબ્જે કરેલ છે તે ગુનાની ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ થવામાં ઘણો સમય જાય તેમ છે તેથી વચગાળાની કસ્ટડીમાં પરત સોંપવા માટે રજુઆત કરેલ છે.

આ કામે વાંધેદારોએ જે જવાબ રજુ રાખેલછે તે તદ્દન ખોટી હકીકત વાળો છે અને આ કામે વાંધેદારોના નિવેદનો જોતાં તેમાં તેઓએ સ્પષ્ટ કબુલ કરેલ છે કે, 'તેઓએ જુના વાહનો આરોપીને દઈને નવા વાહનો મેળવેલ છે અને તે નવા વાહનો તેઓને મળી ગયેલ છે અને હાલમાં પણ આ વાહનો તેઓના કબજા હવાલા માં રહેલ છે.' વાંધેદારોએ તેઓને રાજીખુશીથી વાહનો આરોપીને સોંપેલા હતા

અને અરજદારે આરોપીને કાયદેસરની અવેજની રકમ ચુકવીને આરોપીની પાસેથી વાહન ખરીદ કરેલ હતા. આમ, અરજદાર જ રાણાવાવ પોલીસ દ્વારા કબજે લીધેલ વાહનો ના કાયદેસરના માલિક બનેલા છે અને આ કામનાં વાંધેદારને તેમના વાહનના બદલા માં અન્ય નવુ વાહન મળી ગયેલ છે. વધુમાં, વાંધેદારોએ હાલની ફરીયાદ થઈ ત્યાં સુધી કોઈ ફરીયાદ કરે વાંધાઓ પણ લીધેલ નથી અને અરજદાર પાસેથી પૈસા પડાવવા માટે અરજદારની અરજી સામે ખોટા વાંધાઓ રજુ કરેલ છે. જેથી તમામ હકીકતો ધ્યાને લઈ અરજદારને વાહન સોંપી આપવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

**(૪.૧).** આ કામે મુળ માલિક/વાંધેદારોના વિ.વ.શ્રીએ **આંક–૧૧** થી લેખિત દલીલ રજુ રાખેલ છે અને મુખ્યત્વે તેમાં જણાવેલ છે કે, આ કામમાં તપાસના કામે રાણાવાવ પોલીસ દ્વારા મુળ માલીક/વાંધેદાર ભરત છોગાજી ભાટીનું નિવેદન લેવામાં આવેલ છે જે જોવામાં આવે તો તે નિવેદન મુબજ મુળ માલીક/વાંધેદાર "ભરત છોગાજી ભાટીને રૂ. 50,૦૦૦/– ની નુકશાની થયેલાની તેમજ રૂ. ૧૦,૦૦૦/– અમારા દ્વારા આરોપી ધવલ ભરતભાઈ ખુદાઈને રોકડા આપેલાની હકીકત જણાવેલ છે." તેમજ નવુ મોટરસાયકલ વાહન પણ આપવામાં આવેલ નથી તેમજ જુના મોટરસાયકલ વાહનનું કોઈ પણ જાતનું વળતર ચુકવ્યા વગર ઉપરોકત ગુન્હા નંબરના કામના અરોપી ધવલ ભરતભાઈ ખુદાઈ દ્વારા આ કામના અરજદાર કોડીયાતર રાહુલ કરશનભાઈને મુળ માલીક/વાંધેદારનું જુનુ મોટરસાયકલ વાહન તેઓને તેનું પુરુ વળતર આપવાવાનું કહી તેઓને વિશ્વાસમાં લઈ છેતરપીડી કરેલ છે.તેમજ આ કામમાં તપાસના કામે રાણાવાવ પોલીસ દ્વારા મુળ માલીક/વાંધેદાર કકન લહેરુજી ભાટીનું નિવેદન લેવામાં આવેલ છે જે જોવામાં આવે તો તે નિવેદન મુબજ મુળ માલીક / વાંધેદાર "કકન લહેરુજી ભાટીને રૂ. ૬૦,૦૦૦/– ની નુકશાની થયેલાની તેમજ રૂ. ૪,૦૦૦/– અમારા દ્વારા આરોપી ધવલ ભરતભાઈ

ખુદાઈને રોકડા આપેલાની હકીકત જણાવેલ છે." તેમજ નવુ મોટરસાયકલ વાહન પણ આપવામાં આવેલ નથી. તેમજ જુના મોટરસાયકલ વાહનનું કોઈ પણ જાતનું વળતર ચુકવ્યા વગર ઉપરોકત ગુન્હા નંબરના કામના અરોપી ધવલ ભરતભાઈ ખુદાઈ ધ્વારા આ કામના અરજદાર કોડીયાતર રાહુલ કરશનભાઈને મુળ માલીક/વાંધેદાર નું જુનુ મોટરસાયકલ વાહન તેઓને તેનું પુરુ વળતર આપવાવાનું કહી તેઓને વિશ્વાસમાં લઈ છેતર પીડી કરેલ છે. તેમજ આ કામમાં તપાસના કામે રાણાવાવ પોલીસ આારા મુળ માલીક / વાંચેદાર રાજુ ગોરધનભાઈ ચૌહાણનું નિવેદન લેવામાં આવેલ છે જે જોવામાં આવે તો તે નિવેદન મુબજ માલીક/વાંધેદાર " રાજુ ગોરધનભાઈ ચૌહાણને રૂ ૩૫,૦૦૦/– ની નુકશાની થયેલાની તેમજ રૂ. ૧૦,૦૦૦/– અપારા ધ્વારા આરોપી ધવલ ભરતભાઈ બુદાઈને રોકડા આપેલાની હકીકત જણાવેલ છે.” તેમજ નવુ મોટરસાયકલ વાહન આપવામાં આવેલ છે. તેના ઉપર પૂરી રકમની લોન બેસાડી દીપેલ છે. તેમજ જુના મોટરસાયકલ વાહનનું કોઈ પણ જાતનું વળતર મુકવા વગર ઉપરોક્ત ગુન્હા નંબરના કામના આરોપી ધવલ ભરતભાઈ ધ્વારા આ કામના તેઓને તેનું પુરુ વળતર આપવાવાનું કહી તેઓને વિશ્વાસમાં લઈ છેતરપીડી કરેલ છે. અરજદાર કોડીયાતર રાહુલ કરશનભાઈને મુળ માલીક/વાંધેદાર નું જુનુ મોટરસાયકલ વાહન આપી દઈ તેઓને પુરૂ વળતર આપવાનું કહી વિશ્ર્વાસમાં લઈ છેતરપીંડી કરેલ છે.

તેમજ આ કામમાં તપાસના કામે રાણાવાવ પોલીસ દ્વારા મુળ માલીક/વાંધેદાર રામ વજુભાઈ સુરેલાનું નિવેદન લેવામાં આવેલ છે જે જોવામાં આવે તો તે નિવેદન મુબજ મુળ તેમજ રૂા.૧૧,૦૦૦/– અમારા ધ્વારા આરોપી ધવલ ભરતભાઈ ખુદાઈને રોકડા આપેલાની રામ વજુભાઈ સુરેલાને રૂ. ૨૨,૦૦૦/– ની નુકશાની થયેલાની રકમની લોન બેસાડી દીધેલ છે. તેમજ જુના મોટરસાયકલ

વાહનનું કોઈ પણ જાતનું વળતર ચુકવ્યા ઉપર પુરી વગર ઉપરોક્ત ગુન્હા નંબરના કામના અરોપી ધવલ ભરતભાઈ ખુદાઈ દ્વારા આ કામના તેઓને તેનું પુરુ વળતર આપવાવાનું કહી તેઓને વિશ્વાસમાં લઈ છેતરપીડી કરેલ છે. અરજદાર કોડીયાતર રાહલ કરશનભાઈને મુળ માલીક/વાંધેદાર નું જુનુ મોટરસાયકલ વાહન આપી દઈ તેઓને પુરૂ વળતર આપવાનું કહી વિશ્વાસમાં લઈ છેતરપીંડી કરેલ છે. તેમજ આ કામમાં તપાસના કામે રાણાવાવ પોલીસ દ્વારા મુળ માલીક/વાંધેદાર અક્ષય રાજેશભાઈ તબોલીયાનું નિવેદન લેવામાં આવેલ છે જે જોવામાં આવે તો તે નિવેદન મુબજ મુળ માલીક /વાંધેદાર "અક્ષય રાજેશભાઈ તંબોલીયાને રૂ. ૪૫,૦૦૦/– ની નુકશાની થયેલાની તેમજ રૂ. ૧૦,૦૦૦/– અમારા દ્વારા આરોપી ધવલ ભરતભાઈ ખુદાઈને રોકડા આપેલાની હકીકત જણાવેલ છે." તેમજ નવુ મો. સા. વાહન પણ આપવામાં આવેલ નથી તેમજ જુના મા.સા. વાહનનું કોઈ પણ જાતનું વળતર ચુકવ્યા વગર ઉપરોક્ત ગુન્હા નંબરના કામના અરોપી ધવલ ભરતભાઈ ખુદાઈ દ્વારા આ કામના અરજદાર કોડીયાતર રાહુલ કરશનભાઈને મુળ માલીક/વાંધેદાર નું જુનુ મો સા. વાહન તેઓને તેનું પુરુ વળતર આપવાવાનું કહી તેઓને વિશ્વાસમાં લઈ છેતરપીડી કરેલ છે. સદરહું કેસ ચાલતા ઘણો લાંબો સમય લાગે તેમ હોય અને ખરી હકીકતે મુળ માલીકો/વાંધેદારો હાલના કામે ભોગ બનનાર હોય અને સદરહું મુદામાલ વાહનો હાલ પણ તેઓની માલીકીના હોય અને જો સદરહુ વાહનો જો અરજદારને સોંપવામાં આવે તો મુળ માલીકો/વાંધેદારોને પારાવાર નાણાકીય નુકશાન જાય તેમ હોય તેમજ જોવામાં આજે તો મુળ માલીકો/ વાંધેદારો છેતરપીડીનો ભોગ બનેલ હોય તેમજ અમારી પાસેથી રોકડ રકમની ઉઘરાણી કરી તેમજ મુળ માલીકો/વાંધેદારોને તેઓના જુના મો.સા. વાહનોના કોઈ પણ વળતર ચુકવ્યા વગર નવા મો.સા. વાહનો ઉપર પુરી રકમની લોન બેસાડી દઈ મુળ માલીકો

/વાંધેદારોને બેવડો નાણાકીય માર મારેલ હોય જેથી ઉપરોકત મુદામાલ વાહનો અરજદારને ન સોપવા આપ સાહેબ પાસે અમારી નમ્ર અરજ છે. તેમજ વધુમાં જણાવવાનું કે મુળ માલીકો /વાંધેદારોને અરજદાર પાસેથી કોઈપણ રીતે પૈસા પડાવવાની દાનત ન હોય પરંતુ મુળ માલીકો/વાંધેદારોને તેઓના વાહનો પરત મળે તેમજ તેઓ નબળા તેમજ મજુર વર્ગના હોય, જેથી તેમને પુરતો ન્યાય મળે તેવી આશા સાથે અરજદાર ની મુદૃામાલ અરજી નામંજુર કરવા નમ્ર અરજ કરેલ છે.

(૫). બંને પક્ષોની લેખિત દલીલો, કેસનું રેકર્ડ તથા રજુ થયેલ દસ્તાવેજો તથા વાહનના મુળ માલિકો તરફે રજુ રાખવામાં આવેલ વાંધા-જવાબ વંચાણે લીધો. આ કામે વાહન પરત માંગનાર અરજદાર તથા મુળ માલિક ની રજુઆતો ધ્યાને લીધી. આ કામે આરોપી ધવલ ભરતભાઈ ખુદાઈ નાઓ રાણાવાવ મુકામે જુના બાઈક લઈ નવા બાઈક વેંચાણ કરવાનો ધંધો કરતા હતા અને આ અરજી મા વાંધો લેનાર વાહન ના મુળ માલિક ને જુનુ બાઈક ની કીંમત નકકી કરી ને નવું બાઈક મળી ગયેલ છે અને નવા બાઈક નુ વધારા ના નાણાં નુ લોન પણ વાહન માલિક ના નામ નુ થયેલ છે અને હાલ માં નવુ બાઈક (જુનુ બાઈક એક્ષચેજ આપનાર) ના કબ્જા ભોગવટા માં છે તે અંગે કોઈ વાંધો તકરાર નથી. આ કામે મુળ જુના વાહન માલિકો ધ્વારા વાંધો લઈ તકરાર લીધેલ છે કે અમો ને નુકસાની ગયેલ છે અને આ જુના વાહન ના અમો રજીસ્ટર્ડ ઓનર છે તેથી આ વાહન ની વચગાળા ની કસ્ટડી તેઓ ને સોંપવા રજુઆત કરેલ છે.

આ કામે **ફોજદારી કેસ નં. ૨૩૯/૨૦૨૬** ના કામે તપાસ દરમિયાન ત.ક.અ. ધ્વારા **આરોપી ધવલ ભરત ખુદાઈ ની** અટક કર્યા બાદ મુળ માલિકો ધ્વારા જે જુના વાહન એક્ષચેંજ માં આપેલ હતા તે આ કામે **આંક-૦૭ ની મુદદામાલ પાવતી** તથા મુદદામાલ કબ્જે કર્યા નો પંચનામુ વંચાણે લેતા આ મુદદામાલ અરજી ના **અરજદાર બ્રોકર રાહુલ કરશનભાઈ કોડીયાતર** પાસે થી કબ્જે કરેલ છે અને આ મુદદામાલ

અરજદાર ને ધવલ ભરતભાઈ ખુદાઈ પાસે થી ખરીદેલ હોવા નુ જણાવેલ છે અને ગાત્રાળ બાઈક પોઈન્ટ માં થી કબ્જે કરેલ છે. આમ મુદદામાલ જયારે તપાસ ના કામે કબ્જે કરવામાં આવેલ હતા ત્યારે તેઓ એ બ્રોકર તરીકે જુના વાહન આરોપી ધવલ ખુદાઈ પાસે થી ખરીદ કરી ને મેળવેલ હતા અને તેઓ ની દુકાન માં થી કબ્જે કરેલ હતા તેથી આ કામ ના અરજદાર આ મુદદામાલ વાહન ના થર્ડ પરસન પાસે થી શુધબુધિ ના ખરીદનાર છે.

(૬). આમ આ મુદદામાલ મુદદામાલ પાવતી તથા પંચનામા માં જણાવેલ વ્યક્તિ કે વાહન જેની પાસે થી કબજે કરેલ છે તેઓ ને પરત સોપવા અંગે નામદાર વડી અદાલત નો ચુકાદો વંચાણે લેતા જે નીચે મુજબ નો છે.

**Charanjit Singh Chadha And Ors. vs Sudhir Mehra, AIR 2001 SC 3721.** Hon’ble Supreme Court of India has held that;

5. Hire-purchase agreements are executory contracts under which the goods are let on hire and the hirer has an option to purchase in accordance with the terms of the agreement. These types of agreements were originally entered into between the dealer and the customer and the dealer used to extend credit to the customer. But as hire-purchase scheme gained popularity and in size, the dealers who were not endowed with liberal amount of working capital found it difficult to extend the scheme to many customers. Then the financiers came into picture. The finance company would buy the goods from the dealer and let them to the customer under hire purchase agreement. The dealer would deliver the goods to the customer who would then drop out of the transaction leaving the finance company to collect instalments directly from the customer. Under hire purchase agreement, the hirer is simply paying for the use of the goods and for the option to purchase them. The finance

charge, representing the difference between the cash price and the hire purchase price, is not interest but represents a sum which the hirer has to pay for the privilege of being allowed to discharge the purchase price of goods by instalments.

7. In M/s Damodar Valley Corporation vs. State of Bihar, , this Court took the view that a mere contract of hiring, without more, is a species of the contract of bailment, which does not create a title in the bailee, but the law of hire purchase has undergone considerable development during the last half a century or more and has introduced a number of variations, thus leading to categories and it becomes a question of some nicety as to which category a particular contract between the parties comes under. Ordinarily, a contract of hire purchase confers no title on the hirer, but a mere option to purchase on fulfilment of certain conditions. But a contract of hire purchase may also provide for the agreement to purchase the thing hired by deferred payments subject to the condition that title to the thing shall not pass until all the instalments have been paid. There may be other variations of a contract of hire purchase depending upon the terms agreed between the parties. When rights in third parties have been created by acts of parties or by operation of law, the question may arise as to what exactly were the rights and obligations of the parties to the original contract.

8. In K.L. Johar & Co. vs. The Deputy Commercial Tax Officer , this Court took the view that a hire purchase agreement has two elements: (1) element of bailment; and (2) element of sale, in the sense that it contemplates an eventual sale. The element of sale fructifies when the option is exercised by the intending purchaser after fulfilling the terms of the agreement. When all the terms of the agreement are satisfied and the option is exercised a sale takes place of the goods which till then had

been hired.

9. Similar views were expressed earlier in Instalment Supply (Pvt.) Ltd. & Anr. vs. Union of India & Ors. ; and reiterated in Sundaram Finance Ltd. vs. State of Kerala .

10. The agreement executed by the parties in this case also is to the effect that the hirer would not become the owner of the property until he pays the entire instalments. A copy of the agreement is produced as Annexure P-1 wherein the appellants are referred to as the first party and the respondent as the second party and it is specifically stated that the first party would be the absolute owner of the vehicle and the respondent-second party agreed to pay all the instalments punctually. Clause 7 of the agreement says that the hirer may at any time before the final payment under the hire purchase agreement falls due and after giving the owners not less than fourteen days notice in writing of his intention to do so and re-delivering the vehicle to the owners at their office, terminate the hire purchase agreement. Clause 8(viii) gives a right to the owner to re-possess the vehicle in case of default by the hirer. Clause 9(ii) gives the owner an irrevocable licence to enter any building, premises or place where the vehicle may be or supposed to be for the purpose of inspection, re-possession or attempt to repossess the vehicle and the owner of the vehicle will not be liable for any civil or criminal action at the instance of the hirer. It is also made clear that the hirer would be liable for all the expenses of the owner in obtaining re-possession or attempting to obtain re-possession of the vehicle.

11. The whole case put forward by the respondent-complainant is to be appreciated in view of the stringent terms incorporated in the agreement. If the hirer himself has committed default by not paying the instalments and under the agreement the appellants have taken re-possession of the

vehicle, the respondent cannot have any grievance. The respondent cannot be permitted to say that the owner of the vehicle has committed theft of the vehicle or criminal breach of trust or cheating or criminal conspiracy as alleged in the complaint. When the agreement specifically says that the owner has got a right to re-possess the vehicle, there cannot be any basis for alleging that the appellants have committed criminal breach of trust or cheating.

12. Before the learned Single Judge, the respondent had contended that the vehicle was in the possession of the respondent and it was taken out of his custody without his consent and therefore, the offence of theft is made out. This plea is also without any basis as the appellants have taken re-possession of the vehicle in exercise of their right under the agreement. There may be instances where the owner of the goods may commit theft of his own goods. The illustration (k) of Section 378 IPC, which is an instance of such a theft, is to the following effect:

"Again, if A, having pawned his watch to Z, takes it out of Z's possession without Z's consent, not having paid what he borrowed on the watch, he commits theft, though the watch is his own property in as much as he takes it dishonestly."

13. But in the instant case, the owner re-possessing the vehicle delivered to the hirer under the hire purchase agreement will not amount to theft as the vital element of 'dishonest intention' is lacking. The element of 'dishonest intention' which is an essential element to constitute the offence of theft cannot be attributed to a person exercising his right under an agreement entered into between the parties as he may not have an intention of causing wrongful gain or to cause wrongful loss to the hirer. It is appropriate to note that the term 'dishonestly' is defined under Section 24 of the IPC as follows:

"Dishonestly"--Whoever does anything with the intention of causing wrongful gain to one person or wrongful loss to another person, is said to do that thing "dishonestly".

14. It is also to be noticed that learned author R.M. Goode, in his book Hire Purchase Law & Practice (Second Edn.) has observed as follows at page 846:-

"It would seem that so long as the hirer is in possession of the goods they belong to him for the purpose of the Act [The Theft Act, 1968] even though his possession is unlawful, e.g. because the hire-purchase agreement has come to an end. If the owner has an enforceable right to possession then he will not be guilty of theft in seizing the goods if he knew of his legal rights since he will not be acting dishonestly but will have taken the goods in the well founded belief that he has a right to resume possession."

15. This Court also had occasion to consider this question. One of the earlier decisions is Sardar Trilok Singh & Ors. vs. Satya Deo Tripathi . In that case, the parties had entered into a hire purchase agreement. The complainant alleged that the accused, in a high handed manner during his absence came to his house and forcibly removed the truck and thereby committed the offence of dacoity. The police investigated the case and filed a final report. The accused filed his objection before the Magistrate, but the objection was not considered. The accused filed a revision before the session court which was dismissed. Thereafter the accused filed a petition under section 482 Cr.P.C. to quash the proceedings. That was summarily dismissed by the High Court and the matter reached up to this Court at the instance of the accused. In paragraph 5 of the judgment, this Court observed:

"We are clearly of the view that it was not a case where any processes

ought to have been directed to be issued against any of the accused. On the well-settled principles of law it was a very suitable case where the criminal proceeding ought to have been quashed by the High Court in exercise of its inherent power. The dispute raised by the respondent was purely of a civil nature even assuming the facts stated by him to be substantially correct. Money must have been advanced to him and his partner by the financier on the basis of some terms settled between the parties... Even assuming that the appellants either by themselves or in the company of some others went and seized the truck on July 30, 1973 from the house of the respondent they could and did claim to have done so in exercise of their bona fide right seizing the truck on the respondent's failure to play the third monthly instalment in time. It was, therefore, a bona fide civil dispute which led to the seizure of the truck".

16. In K.A. Mathai & Anr. vs. Kora Dibbikutty & Anr. , the bus was obtained by the complainant on a hire purchase agreement. The complainant paid only part of the consideration and defaulted in paying the instalments and the vehicle was taken possession of by the financial and at that time, both the first accused who had derived away the bus from the possession of the complainant and the second accused were present in the bus. They were prosecuted for the offence punishable under Section 379 read with Section 114 IPC. This Court holding that the bus was taken away at the instance of the financier and the accused had not committed any offence observed as under:

"Though we do not have the advantage of reading the hire-purchase agreement, but as normally drawn it would have contained the clause that in the event of the failure to make payment of instalments the financier had the right to resume possession of the vehicle. Since the financier's agreement with A-2 contained that clause of resumption of

possession, that has to be read, if not specifically provided in the agreement, as part of the sale agreement between A-2 and the complainant. It is in these circumstances, the financier took possession of the bus from the complainant with the aid of the appellants. It cannot thus be said that the appellants, in any way, had committed the offence of theft and that too, with the requisite mens rea and requisite dishonest intention."

17. The hire-purchase agreement in law is an executory contract of sale and confers no right in rem on hire until the conditions for transfer of the property to him have been fulfilled. Therefore, the re-possession of goods as per the term of the agreement may not amount to any criminal offence. The agreement [Annexure P-1] specifically gave authority to the appellants to re-possess the vehicle and their agents have been given the right to enter any property or building wherein the motor vehicle was likely to be kept. Under the hire purchase agreement, the appellants have continued to be the owner of the vehicle and even if the entire allegations against them are taken as true, no offence was made out against them. The learned Single Judge seriously flawed in his decision and failed to exercise jurisdiction vested in him by not quashing the proceedings initiated against the appellants. We, therefore, allow this appeal and set aside the impugned judgment. The complaint and any other proceedings initiated pursuant to such complaint are quashed.

(૭). આમ નામદાર વડી અદાલત ના **ચરનજીતસિંગ ચડઢા અને બીજાઓ વિરૂધ સુધીર મેહરા ના ચુકાદા માં પ્રસ્થાપિત કરેલ સિંઘાત મુજબ** આ કામે **<u>આંક-૭ ની મુદદામાલ પાવતી</u>** તથા મુદદામાલ કબ્જે કર્યા નો પંચનામુ વંચાણે લેતા આ મુદદામાલ અરજી ના **<u>અરજદાર બ્રોકર રાહુલ કરશનભાઈ કોડીયાતર</u>** પાસે થી

મુદદામાલ વાહનો કબ્જે કરેલ છે અને થર્ડ પરસન પાસે થી શુધબુધિ ના ખરીદનાર છે તેથી તેઓ વાહન ના કબ્જેદાર છે ભલે વાહન માલિકી ફેરફાર થયેલ ન હોય તો પણ તેઓ આ મુદદામાલ વાહન વચગાળા ની કસ્ટડી દરમિયાન મેળવવા હકદાર છે તેવુ આ અદાલત નુ માનવું છે.

વધુમાં, હાલના કામે ગુનાની જોગવાઈઓ તથા નામદાર સુપ્રિમકોર્ટના **જી.એલ.એચ. ૨૦૦૩ (।) પાના નં. ૩૦૭ સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ.ધી સ્ટેટ ઓફ ગુજરાત**ના ચૂકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો અને માર્ગદર્શનને લક્ષ માં રાખી સદરહુ મુદામાલ વાહન વધુ સમય પોલીસ સ્ટેશન માં રાખી મુકવા ન્યાયોચિત જણાતુ નથી અને જો તેમ કરવામાં આવે તો સદરહુ મુદ્દામાલને નુકસાન થશે અને સદરહુ મુદામાલ વાહનની મુળ કિંમતમાં ઘટાડો થશે અને અરજદારને ખોટી મુશ્કેલી વેઠવી પડશે વિગેરે તમામ સંજોગો ધ્યાનમાં રાખી સદરહુ મુદામાલ વાહન શરતોને આધીન અરજદારને વચગાળાની કસ્ટડીથી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો તે મારી દ્રષ્ટિએ યોગ્ય અને વ્યાજબી જણાય છે પરિણામે ન્યાયના વિશાળ હિતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ ::–**

**આ કામના અરજદારની હાલની મુદ્દામાલ અરજી મંજુર કરવામાં આવે છે.**

આથી **રાણાવાવ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૮૦૧૫૨૬૦૧૦૫/૨૦૨૬ (ફોજદારી કેસ નં.૨૩૯/૨૦૨૬) નાં** કામે કબ્જે લીધેલ મુદ્દામાલ વાહન **(૧). હીરો મોટરસાયકલ સ્પ્લેન્ડર પ્લસ નં.જીજે–૨૫–એઈ–૯૫૩૧,(૨). હીરો મોટર સાયકલ સ્પ્લેન્ડર પ્લસ નં.જીજે–૨૫–એસી–૬૮૨૪,(૩). હીરો મોટર સાયકલ સ્પ્લેન્ડર પ્લસ નં.જીજે–૨૫–એસી–૦૯૮૯, (૪). હીરો મોટરસાયકલ સ્પ્લેન્ડર પ્લસ જીજે–૧૦–ડીપી–૪૭૨૩, (૫). હીરો મોટરસાયકલ સ્પ્લેન્ડર પ્લસ**

**નં.જીજે–૨૫–એઈ–૭૩૩૪,(૬).હીરો મોટરસાયકલ સ્પ્લેન્ડર પ્લસ નં.જીજે–૧૦–ડીપી–૩૪૨૬, (૭). હોન્ડા સાઈન–૧૦૦ નં.જીજે–૨૫–એઈ–૫૫૬૨,(૮). હીરો મોટરસાયકલ સ્પ્લેન્ડર પ્લસ નં.જીજે–૧૦–ડીએમ–૬૩૦૦, (૯). હીરો મોટરસાયકલ સ્પ્લેન્ડર પ્લસ નં.જીજે–૨૫–એસી–૭૧૯૪, (૧૦). હોન્ડા સી.ડી.૧૧૦ નં. જીજે–૨૫–એડી–૫૭૧૩,(૧૧). હીરો મોટરસાયકલ સ્પ્લેન્ડર પ્લસ જેના નં.જીજે–૦૬–એનજે–૫૩૯૫** તે મુદામાલ પાવતીમાં બતાવેલ રકમ કરતાં દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા પોલીસ સ્ટેશનમાં આપ્યેથી મુદ્દામાલ વચગાળાના તબકકે નીચેની શરતોને આધીન **અરજદાર <u>રાહુલ કરશનભાઈ કોડીયાતર ને</u>** પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

(૧). અરજદારે મુદ્દામાલ વાહન કેસ ચાલતા દરમ્યાન અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ પણ રીતે ટ્રાન્સફર કે તબદીલ કરવુ કરાવવુ નહિ.

(૨). મુદ્દામાલ વાહનનો કોઈ પણ રીતે ગુન્હાહિત પ્રવૃતિમાં ઉપયોગ કરવો કરાવવો નહિ કે તેની ઓળખ કે સ્વરૂપમાં કોઈ પણ રીતે ફેરફાર કરવો કરાવવો નહિ તેમજ નામદાર કોર્ટ જયાં અને જયારે ફરમાવે ત્યારે રજુ કરવુ.

(૩). મુદામાલ વાહનના ત્રણ અલગ અલગ એન્ગલથી કલર ફોટોગ્રાફ અરજદારના ખર્ચે પડાવી તપાસ કરનાર અમલદારે અત્રેની કોર્ટમાં રજુ રાખવા.

(૪). મુદામાલ હુકમ અનુસાર અરજદારને સોંપવા અંગેનો વિગતવારનો રીપોર્ટ આ હુકમની એક પ્રત જરૂરી બોન્ડ અત્રેની કોર્ટમાં રજુ રાખવા.

(૫).અરજદારે મુદામાલ વાહન અંગે ચાલુ કેસ દરમ્યાન કોઈ વાંધો–તકરાર લેવાની રહેશે નહીં.

(૬). ઉપરોકત શરતોનુ અરજદારે ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે અને તે પૈકી કોઈ પણ શરતનો ભંગ થયેથી આ હુકમ આપો આપ રદ થયેલો ગણાશે અને તપાસ કરનાર અમલદાર કે અધિકૃત પોલીસ અધિકારીએ તેનો તાત્કાલિક કબજો લેવાનો રહેશે. હુકમની શરતોની યાદી સંબંધીત પોલીસ સ્ટેશને કરવી.

-- હુકમ આજ રોજ **તા.૦૯ મી માહે-જુન સને-૨૦૨૬ ના** રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

**તા. ૦૯/૦૬/૨૦૨૬.** **(નારાયણ લાલ શર્મા)**
**સ્થળ : રાણાવાવ.** **જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.), રાણાવાવ.**
**(સેલ્ફ)** **U.I.C.NO.GJ 01439.**